GJVD020623852024

**મે. વડોદરાના ૨૦ માં એડીશનલ ચીફ જ્યુડીશીલ મેજીસ્ટ્રેટ(આર.કે.ત્રિવેદી) સાહેબની કોર્ટમાં, વડોદરા.**

**ફોજદારી કેસ નંબર–૫૪૧૦૭/૨૦૨૪**

**આંક–**

**ફરીયાદી–** **શ્રી સરકાર**

**વિરુદ્ધ**

**આરોપી–** **રાહુલભાઈ છગનભાઈ પરમાર,** ઉ.વ.–૨૫
રહે. બીસમીલ્લાપાર્ક સોસાયટી, સહીદારાજ બગીવાળાના મકાનમાં, મધુનગર પાસે ગોરવા, વડોદરા

**ગુન્હો–** **ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ તથા મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૭૭, ૧૮૪મુજબ.**

## – ચુકાદો –

૧. ફરીયાદપક્ષે આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ તથા મોટર વ્હીકલ એક્ટની કલમ– ૧૭૭, ૧૮૪ મુજબના ગુના અંગેનું ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. સદર કામે આરોપીને સમન્સની બજવણી થતાં, તેઓ કોર્ટ રૂબરૂ હાજર થતાં, તેઓને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. આરોપીએ આજરોજ અદાલત સમક્ષ હાજર થઈ, આ ગુનો સ્વેચ્છાએ કબુલાત કરવા માંગે છે તેમ જણાવી તે અંગે કબુલાત પુરસીસ રજુ કરતાં, આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ સ્વેચ્છાપુર્વક ગુનાની કબુલાત કરી, કેસનો નિકાલ કરવા માંગતા હોય તેમજ ભવિષ્યમાં આવો ગુનો ન થાય તેની કાળજી રાખવાનું જણાવી, રહેમ કરવા રજુઆત કરેલ છે. અત્રેની અદાલતે આરોપીને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં, સ્વેચ્છાપુર્વક ગુનો કબુલ કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, પોતાનો પ્રથમ ગુનો હોય અને પોતે ભવિષ્યમાં ગુનો કરશે નહીં, તેવી ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે.

૩. વધુમાં, **નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ નટવર હરચંદ્રજી ઠાકોર** ના કેસમાં એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો, દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતનો કાયદામાં કરેલ લઘુત્તમ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે અને સદરહું ચુકાદાના પાના નંબર–૭૦૯ ઉપર પેરા–૨૧ માં જે કારણો જણાવેલ છે તે ધ્યાને લેતાં, ઉપરોક્ત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની રજુઆત તથા કબુલાત ધ્યાને લેતાં તેમજ ઉપરોક્ત કેસમાં પ્રસ્થાપિત કરેલ

સિદ્ધાંતને લક્ષમાં લેતાં, આરોપીને હળવી સજા કરી સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ આરોપીની કબુલાત, આરોપીની આર્થિક-સામાજિક સ્થિતિ તેમજ કેસના વિશિષ્ટ સંજોગો વિગેરે હકીકતો ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ, તેમ હું નમ્રપણે માનું છું અને સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## – <u>આખરી હુકમ</u> –

આ કામના આરોપી **રાહુલભાઈ છગનભાઈ પરમાર,** નાઓને બી.એન.એસ.એસ. ની કલમ-૨૭૫ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯ તથા મોટર વ્હીકલ એક્ટની કલમ-૧૭૭, ૧૮૪ ના સજાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી, **રૂા.૭૦૦/-(અંકે રૂપિયા સાતસો પુરા)** નો દંડ અને જો દંડ ના ભરે તો દિન-૦૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજરોજ તારીખ **૧૪** મી, માહે **સપ્ટેમ્બર**, સને **૨૦૨૪** ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/ ૦૯/૨૦૨૪
વડોદરા.

**(રચિત કમલેશભાઈ ત્રિવેદી)**
૨૦ માં એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
વડોદરા.
**જીજે ૦૧૨૧૬**

**પાવતી નંબર-**

**દંડ રૂા.**

**તા.**૧૪/ ૦૯/૨૦૨૪ **નાઝર**